# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ઈડરમાં બે માર્ગ અકસ્માત : ત્રણના મોત

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર અને ઈડર તાલુકાના બુઢિયા ગામ નજીક શનિવારે બપોરે એક જ સમયે બે જગ્યાએ રિક્ષાના અકસ્માત સર્જાયેલા જેમાં એક મહિલા સહિત ત્રણના મોત નિપજ્યા હતા અને ૧૩ જણાને ઈજાઓ થવા પામી હતી જ્યારે ઈજાગ્રસ્તોને ઈડર અને હિંમતનગર સિવિલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. આ મામલે અલગ અલગ પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ઈડરના દેત્રોલી ગામેથી બપોરના સમયે સમૂહલગ્નમાં જઈ પરત વસાઈ ગામે આવી રહેલ રિક્ષા જીજે-૧૮-એવી-૩૯૪૩ના ચાલક આશિષકુમાર તરાહએ રિક્ષા બેફામ હંકારતા અચાનક બુઢિયા ગામ નજીકના ડીપમાં ખાબકી હતી.

પરિણઆમે રિક્ષામાં બેઠેલ વસાઈ ગામના ૨૫ વર્ષીય નિશાબેન ઠાકરડા અને ૫૦ વર્ષીય કચરાભાઈ વિરાજીભાઈ ઠાકરડાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું અને ૧૧ જણાને ઈજાઓ થવા પામી હતી જ્યારે હિંમતનગરના મુખ્યમાર્ગ પર આવેલ ભીલવાસમાં રહેતા અશોકભાઈ રમણભાઈ ભીલ પોતાની રિક્ષઆ નંબર જીજે-૧૯-એક્ષ-૫૫૯૮નું પણ એક કાર સાથે અકસ્માત થતા એકનું મોત નિપજ્યું હતું. આ મામલે હિંમતનગર અને ઈડર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા પંથકમાં અંગારા વરસાવતી ગરમીનો આરંભ થઈ ગયો છે. બપોરના સુમારે તો જાણે ધરતી સળગતી હોય તેમ અસહ્ય ઉકળાટ અને ગરમી વચ્ચે લોકોની હાલત ભારે કફોડી બની જાય છે. ગરમીના આતંક વચ્ચે બપોરે લોકો ઘર કે ઓફિસમાં પુરાઈ સમય વ્યતિત કરી રહ્યા છે. જાહેર માર્ગો પર ટ્રાફિક બંધ થઈ જતા ઘડીવાર માટે સમય થંભી ગયો હોય તેવા દૃશ્ય જોવા મળે છે. ઉના ઉના વાયરા સાથે અંગદઝાડતી ગરમી લોકોના તનબદનમાં ઉકળાટ સર્જી દે છે. જ્યારે ગરમીથી બચવા લોકો ઠંડા પીણા અને ફળોના રસનો ઉપયોગ કરી રહ્યા છે.

### બપોરે ૧ વાગે ગુજરાત યુનિવર્સિટી દ્વારા બેઠક

# આજે પીજી મેડીકલમાં પ્રવેશ અંગે નિયમ સંદર્ભે બેઠક થશે

## મેડીકલમાં પ્રવેશ માટે નિયમો નક્કી થઈ જશે પરંતુ પોસ્ટ ગ્રેજ્યુએશન ડેન્ટલમાં પ્રવેશને લઈને અસમંજસની સ્થિતિ

અમદાવાદ,તા. ૧૯

પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલમાં પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડીન પાસેથી અભિપ્રાય મેળવવામાં આવ્યા છે જેના ઉપર ચર્ચા કરવા અને પીજી મેડીકલમાં પ્રવેશ માટેના નિયમો નક્કી કરવા માટે આવતીકાલે ફરી બેઠક મળશે અને તેમાં નિયમો જાહેર કરવામાં આવશે તેવી શક્યતા છે. જો કે ડીનના અભિપ્રાયમાં માત્ર નીટના સ્કોરના આધારે જ પ્રવેશ ફાળવવાની ભલામણ કરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

મેડીકલના પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવામાં આવેલી નીટની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશના નિમયો ઘડવા માટેની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આના સંબંધમાં શુક્રવારે ગુજરાત યુનિવર્સીટી દ્વારા કોલેજોના ડીનની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં પોસ્ટ ગ્રેજ્યુએટમાં કઈ રીતે પ્રવેશ કાર્યવાહી કરવી તે અંગે ચર્ચા કરાઈ હતી.

બેઠકમાં ડીન દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં નીટના સ્કોરના આધારે જ પ્રવેશ ફાળવવાની ભલામણ કરવામાં આવી હતી. પ્રવેશ માટે તૈયાર થનારા મેરીટમાં એમબીબીએસનો સ્કોર ગણવો નહીં તેમ પણ તેમને જણાવ્યું હતું. ગુજરાત યુનિવર્સીટી દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટમાં પ્રવેશની કાર્યવાહી અંગે સરકારનું માર્ગદર્શન મેળવશે. આવતીકાલે બપોરે ૧ વાગે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશના નિયમો નક્કી કરવા માટે બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં નિયમો નક્કી કરી જાહેર કરવામાં આવશે. મેડીકલમાં પ્રવેશ માટે તો સોમવાર સુધીમાં નિયમો નક્કી થઈ જાય તેવી શક્યતા છે પરંતુ પોસ્ટ ગ્રેજ્યુએટ ડેન્ટલમાં પ્રવેશને લઈને હજુ અસમંજસની સ્થિતિ છે.

### સાણંદ-બાવળા હાઈવે પર સોઈયા ગામ પાસે બનેલો બનાવ

# ડમ્પર, કાર, બાઈક વચ્ચેના ત્રિપલ અકસ્માત ૩ના મોત

અમદાવાદ,તા. ૧૯

સાણંદ-બાવળા હાઈવે પર આવેલા સોઈયા ગામના પાટિયા નજીક ડમ્પર-કાર તેમજ બાઈક વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિઓનાં મોત નિપજ્યા હતાં જ્યારે છ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ સાણંદપોલીસને કરાતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. અકસ્માત સર્જી ડમ્પર ચાલક ડમ્પર મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે બોટાદથી સાણંદ વોટરપાર્ક તરફ એક મુસ્લિમ પરિવાર ટવેરા કારમાં જઈ રહ્યોહતો.

તે દરમિયાનમાં ગઈકાલે સવારે સાણંદ બાવળા હાઈવે પર સોઈયા ગામ પાસેથી તવેરા કાર પસાર થઈ રહી હતી તે દરમિયાનમાં સાણંદથી બાવળા તરફ આવી રહેલા એક ટેન્કરે તવેરા કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત થતાં જ તવેરા કારમાં સવાર મુનાફ સરવૈયા (રહે. બટાદ) અફઝલ ગુલામહુસેન (રહે. બોટાદ), વસીમ શેલર (રહે. બોટાદ) ત્રણેયનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે કારમાં બેઠેલા અન્ય છ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પીટલમાં ખસેડયા હતા આ અકસ્માતમાં તવેરા કાર પાછળ આવી રહેલા બાઈક સવાર બાબુભાઈ ઠાકોર (રહે. વિરામગામ)નું પણ અકસ્માતમાં મોત નિપજ્યું હતું.

ઘટનાની જાણ સાણંદ પોલીસને થતાં પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. અકસમાત સર્જાયા બાદ ડમ્પર ચાલક ફરા થઈ ગયો હતો. સાણંદ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધોળકા તાલુકાના કોઠ ગામને નર્મદા પાણી નિયમિત મળશે

## ત્રણ લાખ લીટરની ટાંકી અને ૧૦ લાખ લીટરના સંપનું લોકાર્પણ : પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની અપીલ

અમદાવાદ, તા.૧૯

પીવાના પાણીનો ઉનાળાની કાળઝાળ ગરમીમાં નિયમિત અને પૂરતો પુરવઠો મળી રહે તે પુરવઠો પણ નર્મદાના પાણીનો હોય તો ગ્રામજનોનો આનંદ બેવડાય છે. ધોળકા તાલુકાના અંતરિયાળ ૧૧૦૦૦ની વસતિ ધરાવતા કોઠ ગામને હવે પીવાના હેતુ માટે નર્મદાના પાણીનો પૂરતો અને નિયમિત પુરવઠો મળતા ઉનાળાની કાળઝાળ ગરમીમાં કાયમી રાહત થઈ છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સુજલામ સુફલામ યોજના હેઠળ રૂા. ૧૧ કરોડની યોજના અંતર્ગત તૈયાર થયેલી ૩ લાખ લીટરની સંગ્રહ ક્ષમતાની ટાંકી અને ૧૦ લાખ લીટરની ક્ષમતાના સંપનું લોકાર્પણ કરતા કોઠ ગામમાં ગઈકાલથી જ પીવાના પાણીનું વિતરણ શરૂ થઈ ગયું હતું. આ પ્રસંગે ચુડાસમાએ ગ્રામજનોને અપીલ કરતા જણાવ્યું હતું કે, જ્યારે ગામને નર્મદાના પાણીનો પૂરતો લાભ મળવાનો શરૂ થયો છે ત્યારે ગ્રામજનો પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે તે જરૂરી છે.

કોઠ ગામની ૧૧૦૦૦ની વસતિમની વ્યક્તિદીઠ ૭૦ લાખ લીટરની જરૂરીયાત મુજબ કુલ જરૂરીયાત ૭.૭૦ લાખ લીટર થવા જાય છે. ગામની દૈનિક પાણીની આ અને આગામી ૩૦ વર્ષમાં પડનારી પાણીની જરૂરીયાતને ધ્યાનમાં લઈને પાણી પુરવઠા બોર્ડે સુજલામ સુફલામ જૂથ પાણી પુરવઠા યોજના પેકેજ-૨ હેઠળ ગામમાં ૩ લાખ લીટરની ટાંકી અને ૧૦ લાખ લીટરનો સંપ બનાવ્યો છે. ભાયલા ગામ નજીક નવું સબ હેડવકર્સ બનાવી ૨૦ મીટર ઊંચી ટાંકી બનાવાઈ છે. ૧૦ લાખ લીટરના સંપમાં આ ઊંચી ટાંકી દ્વારા ૨૫૦ મી.મી. વ્યાસની ૬૦૦૦ મીટર એચડીપીઈ, ૨૨૫ મી.મી. વ્યાસની ૫૦૦૦ મીટર તથા ૧૮૦ મી.લી. મીટર વ્યાસની ૫૦૦૦ મીટર પીવીસી પાઈપલાઈન ડાયરેક્ટ એક્સપ્રેસ લાઈન દ્વારા કોઠ ગામને નર્મદાનું શુધ્ધ પાણી હવે નિયમિત મળતું થયું છે.

હાલમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા સુજલામ સુફલામ યોજના અંતર્ગત પેકેજ એ-૨ હેઠળ ધોળકા, બાવળા અને સાણંદ તાલુકાના સમાવિષ્ઠ ૧૨૮ ગામ અને ૩ શહેરને નર્મદાના પાણી મળે છે. તેમાં કોઠ ગામનો પણ સમાવેશ થતો જ હતો. પરંતુ કોઠ ગામ છેલ્લુ અને છેવાડાનું હોવાની ઉપરાંત બાવળા હેડવકર્સથી કોઠ ગામ વચ્ચે ભાયલા, ગાંગડ અને કલ્યાણગઢ જોવા માટે ગામ આવતા હોવાથી કોઠ ગામને પૂરતા દબાણ અને પૂરતા પ્રમાણમાં નર્મદાનું પાણી મળતું ન હોવાથી ગામ સ્થાનિક સ્ત્રોમાંથી પાણી મેળવવું હતું.

# આમોદર જુના શેઢા ગામે તસ્કરોએ બે મકાનનો નિશાન બનાવ્યું

હિંમતનગર, તા. ૧૯

બાયડ તાલુકાના આમોદર જુના શેઢા ગામે ગત મોડી રાત્રીએ અંધારાનો લાભ લઈ તસ્કર ટોળકીએ બે બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને અંદરથી કુલ રૂ. ૪૪,૫૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે બાયડ પોલીસે ગુનો નોંધી તસ્કર ટોળકીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના આમોદર જુના શેઢા ગામે ગતરોજ મોડી રાત્રે વિક્રમસિંહ સોલંકીના બંધ મકાનનું તાળુ તોડી કેટલાક અજાણ્યા ચોર ઈસમો ઘરમાં પ્રવેશ કર્યો હતો અને અંદર પડેલ પતરાની પેટીમાં મુકેલ સોના-ચાંદીના દાગીના અને ૧૨ હજારની રોકડ મળી રૂ. ૨૨,૫૦૦ની મત્તા તથા અન્ય એક જાવેદખાન પઠાણના બંધ મકાનનું તાળુ તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના અને ૫ હજાર રોકડ મળી બંને ઘરોમાંથી કુલ રૂ. ૪૪,૫૦૦ની મત્તાની ચોરી કરી અંધારામાં પલાયન થઈ ગયા હતા આ ચોરી સંદર્ભે બાયડ પોલીસમથકે વિક્રમસિંહ સોલંકીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નકલી પોલીસ બની તોડ કરતા બે મહિલા સહિત ત્રણની ધરપકડ

## આરોપીઓએ પ્રથમવાર નકલી પોલીસ બનીને તોડ કરવા ગયા હતા

અમદાવાદ,તા. ૧૯

શહેરનાં નકલી પોલીસ બનીને શહેરીજનોને છેતરવાનાં કિસ્સાઓમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં દેહવ્યાપાર કરતી મહિલાએ બીજા સાથે મળી નકલી પોલીસ બનીને તોડ કરવાનો એક કિસ્સો બહાર આવ્યો છે. પોલીસે આ અંગે દેહવ્યપાર કરતી મહિલા તેમજ નકલી પોલીસ બનીને તોડ કરતા શખ્સ સહિત ૩ વ્યક્તિની ધરપકડ કરી છે.

ઘટનાની મળતી માહિતી મુજબ શહેરનાં મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ભાર્ગવ રોડ પર મમતાબેન ભદોરિયા (ઉ.૨૮) દેહવ્યાપારનો ધંધો ચલાવે છે. શુક્રવારે એક વ્યક્તિ મમતાબેનનાં ત્યાં ગ્રાહક બનીને ગયો હતો. તે દરમિયાનમાં ત્રિભોવનસિંહ કુશવાહ અને લત્તાબેન પ્રજાપતિ (ઉ. ૫૦) આ બંને વ્યક્તિઓ ત્યાં આવી હતી અને અમે પોલીસ છીએ અને તમે અહી આવા ધંધા કરો છો તેમ કહી ડરાવી ધમકાવી રૂ. ૨૫૦૦૦ની માંગણી કરી હતી. આ આરોપીઓએ તેમની પાસેથી રૂ. ૮૦૦૦ તેમજ બે મોબાઈલ અને સોનાની ચેઈન લઈ લીધી હતી અને બાકીના પૈસા માંગ્યા હતા. આ અંગે તે વ્યક્તિએ પોલીસને જાણ કમરતાં મેઘાણીનગર પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી હતી તેમજ આરોપીનું બાઈક પણ જપ્ત કર્યું હતું. પોલીસ તપાસમાં આરોપીઓએ પ્રથમવાર નકલી પોલીસ બનીને તોડ કરવા ગયા હતા. કેટલાક વ્યક્તિઓને પણ છેતર્યા હોય તેવું જણાય છે.

## શબ્દાવલી - ૫૦૬૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ■ | ૯ | | |
| | ■ | ૧૦ | ૧૧ | | | ■ | |
| ■ | ૧૨ | ■ | | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | | | ■ | | ■ |
| ૧૬ | | | | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | | |

**આડી ચાવી**

૧. બાળક જેવું વર્તન, નાદાન (૩)
૪. હાથી (૪)
૮. કઠીન, કષ્ટદાયક (૩)
૯. મોટી ઉંમરના વ્યક્તિને માનથી ... કહેવાય (૩)
૧૦. નકલી, જૂઠું (૪)
૧૩. ગાયની એક જાત (૨)
૧૪. આ તહેવારમાં પતંગ ચડાવાય (૫)
૧૬. પતિ... સ્ત્રી, ભક્ત, સેવિકા (૪)
૧૭. ઉદ્યોગ, કળા (૩)
૧૯. આલાપ (૨)
૨૦. ... ટળી, મુશ્કેલી ટળી (૨)
૨૧. નોકર - ચાકર (૨)
૨૨. રિક્ત, ભરેલું ના હોય તેવું (૨)
૨૩. હેતુ, પ્રયોજન (૩)

**ઊભી ચાવી**

૧. દિવાસળીની પેટી (૩)
૨. બહુમાળી બિલ્ડીંગમાં બધે... મુકેલ હોય છે જેથી દાદર ચડવા-ઉતરવા ન પડે (૨)
૩. દારૂ (૩)
૫. તંબુ, લશ્કરી પડાવ (૩)
૬. ભાખર..., એક વાનગી (૨)
૭. વસ્તુના તળીયા સુધી ઊંડે (૪)
૧૧. ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા કરાતો યજ્ઞ (૬)
૧૨. વૈરાગ્ય (૪)
૧૩. જમીનનો માલિક (૫)
૧૪. પક્ષ તાણવો,... તાણવું (૪)
૧૫. સલાહ, શિખામણ (૨)
૧૮. રીત, પ્રણાલી (૩)

**શબ્દાવલી ૫૦૬૭ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મહેતલ (૪) નિદાન (૭) હાર (૮) મજા (૧૦) વખ (૧૧) નત (૧૨) સનેપાત (૧૪) હામ (૧૬) ચકલી (૧૮) મરજાદ (૨૦) કરમ (૨૧) તન (૨૨) વારદાત (૨૪) કવ્વાલી (૨૫) લપડાક

**ઊભી ચાવી :-** (૧) મહાન (૨) હેરત (૩) લસમસ (૫) દાવત (૬) નખ (૯) મને (૧૩) પામર (૧૪) મવાલી (૧૫) વદન (૧૬) ચકમક (૧૭) કર (૧૮) મડદાલ (૧૯) જાત (૨૩) તપ

# મેડિકલમાં પ્રવેશના મેરિટમાં ચારેય સેમિસ્ટરના ગુણ ગણાશે

## મેડિકલમાં ૨૭૮૦, ડેન્ટલમાં ૧૧૫૫ અને કુલ ૮૯૫૦ બેઠકો માટે ગુરૂવારે નિયમો જાહરે થશે

અમદાવાદ,તા. ૧૯

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેના નિયમો જાહેર થઈ ગયા છે. આજે બુકલેટનું વિતરણ શરૂ થશે ત્યારે મેડિકલ અને પેરામેડિકલ પ્રવેશ માટે અત્રય સુધી નિયમો જાહેર કરાયા નથી જેનાથી વિદ્યાર્થીઓને વાલીઓ મુઝવણ અનુભવી રહ્યા છે.

પ્રાપ્ત સૂત્રો અનુસાર ધોરણ-૧૨ના પરિણામ જાહરે થયા પછી મેડીકલને પેરામેડિકલ પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ સમિતિ દ્વારા હજુ સુધી નિયમો જાહેર કરવામાં આવ્યા નથી. જ્યારે ઈજનેરી અને ફાર્મસીના નિયમો જાહરે કરીનેતેની બુકલેટનું વિતરણ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે.

જેના કારણે મેડીકલને પેરા મેડિકલમાં જવા માંગતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે દ્વિધા અનુભવી રહ્યા છે.

સૂત્રો મુજબ મેડીકલને પેરા મેડિકલમાં આ વર્ષે કુલ ૨૭૮૦ બેઠકો છે. ત્યારે ડેન્ટલમાં ૧૧૫૫ એમકુલ મળીને ૮૯૫૦ બેઠકો છે. આ બેઠકો માટે કંઈ રીતે મેરિટ યાદી તૈયાર થશે અને તેના ફોર્મનું વિતરણ કયાંથી શરૂ થશે વગેરે માહિતી પણ વિદ્યાર્થીઓ પાસે નથી.

સૂત્રો મુજબ પ્રવેશ સમિતિ દ્વારા પહેલા ગુજકેટના આધારે પ્રવેશ નક્કી થાય તો છેલ્લા બે સેમિસ્ટર મુજબ મેરિટ બનાવવાનું નક્કી કરાયું હતું પરંતુ પ્રાપ્ત માહિતી મુજબ હવે આ માટે ધોરણ-૧ અને ૧૨ બંને વર્ષનામળીને ચારેય સેમિસ્ટરના આધારે મેરિટ બનાવવાનું નક્કી કરાયું છે. જ્યારે મેરીટમાં ધો-૧૨ના ૬૦ ટકા અને ગુજકેટના ૪૦ ટકાના આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે.

સૂત્રો મુજબ મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવે માટેના નિયમો ગુરૂવારે જાહરે કરવામાં આવશે પ્રવેશ માટે ફોર્મ કયારે ભરાશે તે અંગેની માહિતી પણ ગુરૂવારે નિયમો જાહેર થયા પછી નક્કી કરાશે.

# ઈજનેરી અને ફાર્મસીની માહિતી પુસ્તિકાનું આજથી વિતરણ શરૂ

## પંજાબ નેશનલ બેંકમાં ૩૫૦ રૂપિયા ભરવાથી માહિતી પુસ્તિક મેળવી શકાશે

અમદાવાદ,તા. ૧૯

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન પુસ્તિકા (બુકલેટ)નું વિતરણ આજથી શરૂ કરવામાં આવશે. પ્રવેશ સમિતિના આદેશ મુજબ પંજાબ નેશનલ બેંકમાં ૩૫૦ રૂપિયા ભરવાથી માહિતી પુસ્તિકા મેળવી શકાશે. આ બુકલેટમાં ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેના નિયમો વગેરેની જાણકારી હશે જેનાથી વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા અને ક્યાં પ્રવેશ લેવો વગેરેની જાણકારી મળી શકશે.

પ્રાપ્ત સુત્રો અનુસાર ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહસ પછી ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ના પરિણામ જાહેર થયા પછી પણ કોઈ માહિતી કે તેનાનિયમો વિશે જાણકારી હતી નહિ જેના કારણે ઈજનેરીને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વિધા અનુભવી રહ્યા હતા.

સૂત્રો મુજબ ધો-૧૨નું પરિણામ ગત ૧૩ મેં એ જાહરે થયા પછી ઈજનેરી અને ફાર્મસી માટેના પ્રવેશ સમિતિ દ્વાર આજે તા. ૨૦મે ને સોમવારે માહિતી પુસતીકા (બુકલેટ)નું વિતરણ શરૂ કરાશે. પ્રવેશ સમિતિએ નક્કી ર્યા પ્રમાણે પંજાબ નેશનલ બેંકમાં ૩૫૦ રૂપિયા ભરવાથી વિદ્યાર્થીઓ આ માટેની બુકલેટ મેળવી શકશે.

સૂત્રો મુજબ પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરાયેલ મોટા ભાગે જુનાજ નિયમો છે. પરંતુ અમુક નવા નિયમોમાં ૫ ટકા અધર સ્ટેટના વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ કવોટામાં મેરિટના આધારે પ્રવેશ મળી શકશે. પર્સન્ટેજના બદલે પર્સનટાઈલ રેન્કના આધારે મેરિટ તૈયાર થશે. ઈજનેરી અને ફાર્મસી માટે અલગ-અલગ મેરિટ તૈયાર કરાશે. જેઈઈના ૪૦ ટકા અને ધો-૧૨ના ૬૦ના આધારે મેરિટ બનશે.

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે આજે બુકલેટના વિતરણ પછી તા.૨૨મી મે એ વિદ્યાર્થીઓને ફાર્મસી માટે ઓન લાઈન ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન કરાવી શકશે.

### સરકારી વસાહતોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ મંત્રીઓની સરભરા અને નવા સચિવાલયના રીનોવેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વર્ષો જૂના આવાસોનું ત્વરિત રીનોવેશન હાથ ધરવા પણ રજૂઆતમાં જણાવાયું છે. વધુમાં છઠ્ઠા પગાર ધોરણનો અમલ બધાજ રાજ્યોમાં થયો છે ત્યારે ગુજરાત સરકારે આજદિન સુધી તેનો અમલ કર્યો નથી. આ મામલે ધુંઆ-પુઆં બનેલા કર્મચારીઓ ટુંક સમયમાં ગુજરાત રાજ્ય કર્મચારી હિત સરકારી સમિતિની રચના કરી લડતનો આરંભ કરશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

### આમુલ પરિવર્તન માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કામનું ભારણ કેટલું છે તે અંગેનો પણ અભ્યાસ કરીને કામ વહેંચણી અંગે પણ સૂચનો આ કમિટિએ કરવાના રહેશે.

આ સમિતિએ પ્લાન અને નોન પ્લાન યોજના હેઠળ મંજુર કરવામાં આવેલી જગ્યાઓ અંગે પણ સમીક્ષા કરીને કેટલી અને કઈ કઈ સંવર્ગની જગ્યાઓનું રેશનાલાઈઝેશન કરવાની જરૂરીયાત છે તે અંગે ભલામણ કરવાની રહેશે.

વહીવટી સુધારણા માટે કમિટિ દ્વારા કરવામાં આવેલી કામગીરી અને ભલામણોનો સમય મર્યાદામાં અમલ કરવા માટેનો એક રોડમેપ પણ તૈયાર કરીને કમિટિએ રાજ્ય સરકારને સુપરત કરવાનો રહેશે.

વહીવટીતંત્રમાં કોમ્પ્યુટરરાઈઝેશનનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યા બાદ ઈન્ફરમેશન ટેકનોલોજીનો વધુ ને વધુ ઉપયોગ કરીને કર્મચારીઓને કઈ રીતે કાર્યક્ષમ બનાવી શકાય તે અંગેનો પણ એક રોડ મેપ સમિતિએ તૈયાર કરીને સરકારને સુપરત કરવાનો રહેશે.

સનદી અધિકારીઓની રચવામાં આવેલી સમિતિની કામગીરી પર હાઈ પાવર કમિટિએ દેખરેખ રાખવાની રહેશે તેમજ જરૂરી માર્ગદર્શન પણ આ સમિતિને આપવાનું રહેશે.

વહીવટી સુધારણા માટે રચાયેલી સમિતિએ રાજ્ય સરકારે સૂચવેલ તમામ બાબતોની સમીક્ષા અભ્યાસ કરીને તેની ભલામણો સાથેનો અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકારને ૬ મહિનામાં સુપરત કરવાનો રહેશે.

### ખેડાણ કર્યા વગર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધરખમ વધારો, મજૂરોની અછત જેવા વિવિધ કારણોને લઈ ખેતી હવે મોંઘી બની રહી હોવાથી ખેડૂતો ખેતી તરફથી મુખ ફેરવી રહ્યા છે.

ખેડૂતો ખેતી તરફથી મુખ ફેરવી રહ્યા છે આમ છતાં ખેડૂતોની સંખ્યામાં જિલ્લામાં વધારો થવા પામ્યો છે. જો કે વારસાઈ એન્ટ્રીઓને કારણે ખાતેદારોની સંખ્યામાં વધારો થયો છે. જો કે એક તરફ રાજ્ય સરકાર કૃષિ ઉત્પાદનમાં વધારો થયાનો દાવો કરી રહી છે પણ બીજી તરફ સરકારના સત્તાવાર આંકડાઓ જ એ હકીકત કહી રહ્યા છે કે જિલ્લામાં ખેડાણ થયા વગરની જમીન ૬૯૪૨ હેક્ટર હતી.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા એક વર્ષ દરમ્યાન ખેડાણ ન થયેલી સૌથી વધુ જમીન દહેગામ તાલુકાની હતી જે ૪૨૪૨ હેક્ટર છે. જ્યારે આ પછી ગાંધીનગર તાલુકો આવે છે જ્યાં ૧૭૧૨ હેક્ટર જમીન ખેડાણ વગર રહી હતી તો કલોલ તાલુકામાં આવી જમીન ૯૮૮ હેક્ટર જેટલી હતી.

જિલ્લામાં ખેડૂતોને સમયસર અને નિયમિત વીજળી નહિ મળતી હોવાની તેમજ ૧૯૯૫થી ખેડૂતોને પાણી પત્રકો નહિ મળ્યા હોવાની રજુઆતો કૃષિ મહોત્સવમાં તંત્રના અધિકારીઓને કરવામાં આવી રહી છે. પણ તંત્ર દ્વારા આ અંગે સાત્વના આપવા સિવાયના વિકલ્પો રહ્યો નથી.

તંત્ર દ્વારા કૃષિ મહોત્સવની ઉજવણી માટે દિવસ રાત એક કરવામાં આવી રહ્યા છે. પરંતુ ખેડૂતો હજુ ખેતી માટે તૈયાર થવા કરતાં તેમના પ્રશ્નોના ઉકેલના આગ્રહી વધુ બન્યા છે.

મળતી વિગતો પ્રમાણે ખેતી પ્રધાન રાજ્યમાં જમીન પડતર રાખવાનો આ અભિગમ ચિંતાજનક છે અને તેની સીધી અસરો અર્થતંત્ર પર નકારાત્મક બની રહી છે ત્યારે તે દિશામાં ચિંતન થાય તે જરૂરી છે.

**જાહેરાત**

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીના બિન ઉપયોગી કોમ્પ્યુટર અને કોમ્પ્યુટરની લગતી સાધન સામગ્રી જે છે તે પરિસ્થિતિમાં નિકાલ કરવાનો છે.

આ બિન ઉપયોગી કોમ્પ્યુટર અને કોમ્પ્યુટરની લગતી સાધનો ખરીદવા ઈચ્છા ધરાવતા વેપારીઓ પાસેથી બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. જુના કોમ્પ્યુટર અને કોમ્પ્યુટરની લગતા સાધનો ખરીદવા ઈચ્છા ધરાવતા વેપારીઓ તા. ૨૪/૫/૨૦૧૩ના રોજ ૧૫.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક સુધી કચેરીમાં કોમ્પ્યુટર અને કોમ્પ્યુટરની લગતા સાધનોનું નિરીક્ષણ કરી શકશે. તે અંગેના ભાવો સીલબંધ કવરમાં મોડામાં મોડા તા. ૨૭/૫/૨૦૧૩ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં કચેરીમાં જમા કરાવવાના રહેશે.

સહી/-
(કે. આઈ. પરમાર)
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર

માહિતી/૩૬૦/૧૩-૧૪